શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડીનેટરશ્રીની કચેરી
સમગ્ર શિક્ષા, જીલ્લા સેવા સદન- ૨
બીજો માળ, રૂમ નં.-૨૫ થી ૨૮, જોરાવર પેલેસ,
પાલનપુર- બનાસકાંઠા
E Mail: dpcbanaskantha@gmail.com
Phone No : 02742-259668 Fax No : 2546398
Toll Free No : 1800 233 3142

જાનં. : એસ.એસ./એ.આર.& વિ.ઈ./૨૦૨૩/ ૨૧૦૫૩ – ૨૧૦૬૭ તા. ૨૮/૦૩/૨૦૨૪

પ્રતિશ્રી,
બી.આર.સી.કો.ઓર્ડીનેટરશ્રી
તા. તમામ જી. બનાસકાંઠા

વિષય : વર્ષ ૨૦૨૪-૨૫ માં "શાળા પરિવહન યોજના" આપવા બાબત ...

સંદર્ભ : સ્ટેટ પ્રોજેક્ટ કચેરીના પત્ર ક્રમાંક : એસ.એસ./એ.આર.& વિ.ઈ./૨૦૨૪/૧૭૯૩૦-૯૬૩ તા.૧૯/૦૩/૨૦૨૪

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- ૨૦૨૦ મુજબ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ બાદ વિધાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પુર્ણ કરે તે બાબત સુનિશ્ચિત કરવાની ભલામણ કરેલ છે. સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ સરળતાપુર્વક સુરક્ષિત રીતે શાળા સુધી આવાગમન કરી શકે તે માટે વિવિધ વિકલ્પો મળી રહે તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમની બસોમાં શાળા સુધી ની મુસાફરી કરવા માટે વિધાર્થી કન્સેશન પાસની સુવિધા આપવામાં આવે છે. વધુમાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓને તેમના રહેણાંકથી શાળા સુધીના અંતરના નિયમો મુજબ શાળા પરિવહનની સુવિધા નિયત સંખ્યાની મર્યાદામાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે યોજનાનો વધારી સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ ધોરણ – ૧૨ સુધીનો અભ્યાસ પુર્ણ કરે તે હેતુથી શાળા સુધી આવાગમન માટે પરિવહનની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે રાજય સરકાર દ્વારા તા.૧૨/૦૩/૨૦૨૪ થી ઠરાવ (ક્રમાંક : ED/MIS/E-File/3/2023/5049/G-1 સચિવાલય ગાંધીનગર) કરવામાં આવેલ છે.

રાજય સરકારના બજેટમાંથી સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિધાર્થીઓને "શાળા પરિવહન યોજના"નો લાભ આપવા માટે તા.૧૩/૦૩/૨૦૨૪ ના પત્રથી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ પત્ર અન્વયે અત્રેના જીલ્લામાં "શાળા પરિવહન યોજના" માટે <u>૬૯૫૪</u> બાળકો મંજુર કરવામાં આવે છે.

"શાળા પરિવહન યોજના" માટે નીચે મુદ્દા નં.૧ થી ૫ માં પાત્રતા અને નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

૧. રાજયની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ "શાળા પરિવહન યોજના"નો લાભ મેળવી શકશે.
૨. આ યોજનાનો લાભ લેતાં વિધાર્થીઓનું કેન્દ્ર સાકાર અને રાજય સરકારની સમાન પ્રકારની અન્ય યોજનામાં ડુપ્લીકેશન ન થાય તે શાળાએ જોવાનું રહેશે.
૩. વિધાર્થીના રહેણાંકથી ૫ કી.મી. થી વધુ અંતર આવેલ સૌથી નજીકની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રવેશ ઉપલબ્ધ હોય અને તેવી શાળામાં પ્રવેશ લીધો હોય તેવા વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.
૪. રાજય સરકારના બજેટમાં સને ૨૦૨૪-૨૫ માં "શાળા પરિવહન યોજના" અંતર્ગત બાળકદીઠ પ્રતિ માસ રૂપિયા ૬૦૦/- લેખે ૧૦ માસના રૂપિયા ૬૦૦૦/- મંજુર થયેલ છે.
૫. ગુજરાત સરકારના "શાળા પરિવહન યોજના" ફાઈલ શાળાકક્ષાએ, તાલુકા કક્ષાએ અને જીલ્લા કક્ષાએથી અલગ અલગ નિભાવવાની રહેશે.

ઉપરોકત મુદા નં ૧ થી ૫ મુજબ તમામ એસ.એમ.ડી.સી. સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએથી તા.૧૫/૦૪/૨૦૨૪ સુધીમાં મેળવી જીલ્લા કક્ષાએ દરખાસ્ત તા. ૨૫.૦૪.૨૦૨૪ સુધીમાં મોકલી આપવા

જણાવવામાં આવે છે.અને તા.૩૦.૦૪.૨૦૨૪ સુધીમાં મંજુરી આપવાની પ્રક્રિયા પુર્ણ કરવામાં આવશે જેથી બાળકોને નવા શૈક્ષણિક સત્રમાં શાળાઓ શરૂ થાય તેના પ્રથમ દિવસથી જ "શાળા પરિવહન યોજના"નો લાભ મળી શકે. તેના માટે બી.આર.સી. કો.ઓ.ને કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. અને વર્ષ ૨૦૨૪-૨૫ માટે "શાળા પરિવહન યોજના" માટે દરખાસ્ત મેળવવાની સુચનાઓ, માર્ગદર્શિકા અને તેનું દરખાસ્ત ફોર્મ, વાલી સંમતિપત્રક, બાંહેધરીપત્રક અને ચાઈલ્ડ પ્રોફાઈલ પત્ર સાથે સામેલ રાખીને મોકલી આપવામાં આવે છે. જે એસ.એમ.ડી.સી. અને સી.આર.સી.કોં.ઓ.ને જરૂરી કાર્યવાહી અર્થે પત્રની નકલ મોકલી આપશો અને સમય મર્યાદામાં જરૂરી કામગીરી પુર્ણ થાય તેના માટે યોગ્ય કાર્યવાહી કરશો.

ઉપરોક્ત મુદા નં.૧ થી ૫ મુજબ જેમને જરૂરીયાત હોય તેવી એસ.એમ.ડી.સી. કક્ષાએથી સમયમર્યાદામાં દરખાસ્ત મેળવી, ચકાસણી કરી જીલ્લા કક્ષાએ મંજુરી આપવાની પ્રક્રિયા અર્થે મોકલી આપવાની રહેશે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે "શાળા પરિવહન યોજના"નો લાભ મળે તે માટે એસ.એમ.ડી.સી. કક્ષાએથી દરખાસ્ત તાલુકા કક્ષાએ મેળવી દરખાસ્ત ચકાસણી કરીને નિયમોનુસાર મળવાપાત્ર બાળકોની માહિતી તાલુકા કક્ષાએથી સ્પષ્ટ અભિપ્રાય સાથે જીલ્લા કક્ષાએ મંજુરી અર્થે મોકલી આપવાની રહેશે જેથી જીલ્લા કક્ષાએથી મંજુરી આપવાની પ્રક્રિયા સમયમર્યાદામાં કરી શકાય તે માટે બી.આર.સી. કો.ઓ.ને કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. જેને ગંભીરતાથી લેશો જેની સંપુર્ણપણે જવાબદારી આપની રહેશે

## "શાળા પરિવહન યોજના" માટેની માર્ગદર્શિકા અને સુચનાઓ

➢ **એસ.એમ.ડી.સી. કક્ષાએ કરવાની કામગીરી :**

- શાળા કક્ષાએ "શાળા પરિવહન યોજના" માટેની મળેલ નિયત ફોર્મેટમાં નિયમોનુસાર દરખાસ્ત તૈયાર કરી કલસ્ટર કક્ષાએ આપવી.
- જે બાળકો માટે બજેટમાં દરખાસ્ત કરેલ હોય તે બાળકોને વિગતો સાથે નિયત ફોર્મેટમાં દરખાસ્ત કરી કલસ્ટર કક્ષાએ આપવાની રહેશે.
- વિધાર્થીના રહેઠાણથી નજીકમાં સરકારી/અનુદાનિત માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા હોય અને તેનાથી દૂરની સરકારી/અનુદાનિત માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં જવા માંગતા હોય તેવા કિસ્સામાં "શાળા પરિવહન યોજના" મળવાપાત્ર રહેશે નહી.
- શાળામાં "શાળા પરિવહન યોજના"નો શરૂ કર્યાનો રીપોર્ટ કલસ્ટર કક્ષાએ, તાલુકા કક્ષાએ અને જીલ્લા કક્ષાએ કરવો.
- "શાળા પરિવહન યોજના" માટે NCPCR ની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- જે વિસ્તારમાં લોકલ ટ્રાન્સપોર્ટ કે સ્ટેટ ટ્રાન્સપોર્ટની સુવિધા પ્રાપ્ય નથી તેવા વિસ્તારના આર.ટી.ઓ. (R.T.O.)માન્ય બંધ બોડીના વાહન માન્ય ટ્રાવેલ્સ, માન્ય વાહનનો ઉપયોગ બાળકોને સાનુકુળ રહે તે મુજબ વાહનચાલકોના કંપનીની તમામ વિગતો (નામ,સરનામું, ફોન નં) સાથે આપવાની રહેશે.
- બાળકોના "શાળા પરિવહન યોજના"માટે થયેલ ચુકવવાના બીલો,વાઉચર, રસીદોનો રેકોર્ડ એસ.એમ.ડી.સી.કક્ષાએ રાખવાના રહેશે અને આ ચુકવણું PFMS/ચેક મારફત જે તે વાહન માલિકના નામજોગ કરવાનો રહેશે.
- જે બાળકો માટે "શાળા પરિવહન યોજના" ઉપલબ્ધ કરાવવાની હોય તે બાળકોની વિગતો અને મુસાફરીકાર્ડની વિગતો પણ રાખવાની રહેશે.
- "શાળા પરિવહન યોજના"નો લાભ મેળવતા બાળકોની ફોટોગ્રાફવાળી ચાઈલ્ડ પ્રોફાઈલ નિભાવવાની રહેશે.
- શાળા કક્ષાએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે "શાળા પરિવહન યોજના"નો લાભ મેળવનાર બાળકોની નવી ફાઈલ નિભાવવાની રહેશે તેમજ બાળકોનું હાજરીપત્રક નિયમિત નિભાવવાનું રહેશે.
- દરેક શાળામાં આવતા બાળકોને શાળાએ લાવવા અને ઘરે લઈ જવા માટે ઉપયોગમાં લેવાતી સ્કુલ વાહન માટે ફિટનેસ સર્ટીફીકેટ અને પરમીટ છે કે કેમ ? તેની ખાતરી કરી તેની નકલ રાખે અને તેને સમયાંતરે વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ વાર અપડેટ કરવામાં આવે.
- દરેક વાહન ચાલકે **GPS** બેઝડ **VTS**- VEHICLE Tracking System (**MOBILE APPLICATION**) નો ફરજીયાત ઉપયોગ કરવાનો રહેશે. અને દરેક વાહન ચાલકે સ્માર્ટ મોબાઈલ ફોન હોવો જોઈએ અને નેટ ચાલુ હોવું જોઈએ તે ફરજીયાત રહેશે.
- "શાળા પરિવહન યોજના"નું ચુકવણું **GPS** બેઝડ **VTS**- VEHICLE Tracking System (**MOBILE APPLICATION**) ની હાજરી પ્રમાણે કરવાનું રહેશે.
- યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

- વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરીના તા.૦૩/૦૩/૨૦૦૬, તા.૨૦/૦૬/૨૦૦૬, તા.૧૨/૦૬/૨૦૧૯ ના પરિપત્રની સુચના તેમજ શાળાઓમાં પરિવહન બાબતે શિક્ષણ વિભાગના તા.૧.૨.૨૦૧૬ ના પત્ર ક્રમાંક:પી.આર.ઈ./૧૨૧૬/સીસી-૯૨/ક ની સુચના અને ગાઈડલાઈન આપવામાં આવેલ છે સમગ્ર શિક્ષા ગાંધીનગરના તા.૦૩/૦૨/૨૦૧૬,તા.૦૬/૦૩/૨૦૧૭, તા..૨૨/૧૧/૨૦૧૭,તા.૧૮/૦૫/૨૦૧૮,તા.૧૩/૦૫/૨૦૧૯,તા,૧૨/૦૩/૨૦૨૦,તા.૨૪/૦૨/૨૦૨૧, તા.૦૨/૦૫/ ૨૦૨૨ ના પત્રોથી મળેલ સુચના અને ગાઈડલાઈન આપવામાં આવેલ છે. તે મુજબ જીલ્લા કક્ષાએથી પણ આપવા માં આવેલ છે. વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરીના પરિપત્રો, શિક્ષણ વિભાગ અને સમગ્ર શિક્ષા ગાંધીનગરના પત્રોની સુચનાઓ અને ગાઈડલાઈનનું પરિવહન સુવિધાઓનો લાભ લેતી શાળાઓએ તેનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- ઓટો રીક્ષા/ મારુતિ વાન/ ફોર વ્હીલરમાં જે બાળકો આવે છે તેઓના વાલીઓને શાળામાં બોલાવી બાળકોની સલામતી અને સગવડ સચવાય તે માટે ઓટો રીક્ષા/ મારુતિ વાન/ ફોર વ્હીલર વાહન ચાલકોની માહિતીથી વાલીઓ પણ પરિચિત રહે તે માટે એક અઠવાડિયા દરમ્યાન વાલી મીટીંગ બોલાવી જાગૃતિ લાવવામાં આવે.
- **RTO (આર.ટી.ઓ.) ની ગાઈડ લાઈન મુજબ નિયમોનુસાર ટ્રાન્સપોર્ટેશનના વાહનમાં વિધાર્થીઓને બેસાડવા.**
- સ્કુલના બાળકોને ભાડેથી લઈ જતા દરેક વાહનની આગળ અને પાછળ સ્કુલ રીક્ષા અને સ્કુલ વાન એમ સ્પષ્ટ અને મોટા અક્ષરે લખાયેલું હોવું જોઈએ વાહનની દરેક બાજુએ પીળા બ્રેક ગ્રાઉન્ડ ઉપર લાલરંગમાં સ્કુલ વાન લખેલું હોવું જોઈએ.
- જો આ વાહન બાળકો માટે ભાડેથી ફરતું હોય તેના પર સ્કુલ વર્ધી એમ સ્પષ્ટ દેખાય તે પ્રમાણે લખાણ હોવું જોઈએ.
- દરેક વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજીયાત પણે હોવી જોઈએ શાળાએ સમયાંતરે આ બાબતે ખાતરી કરવાની રહેશે.
- દરેક વાહનમાં જરૂરી અગ્નિશામક સાધનો ફરજીયાત રખાય તેની સુચનાનું પાલન થયેલ છે કે કેમ તેની ખાતરી શાળાએ પણ કરવાની રહેશે. આવા વાહન ઉપર તેના માલિકનું નામ અને ટેલીફોન કે મોબાઈલ નંબર અવશ્ય લખેલા હોવા જોઈએ.
- સ્કુલ વાહન બારણા સારી ગુણવતાવાળા લોકથી બંધ થાય તેવા એટલે કે બાળકોની સલામતીને અનુરૂપ અચુક હોવા જોઈએ.
- દરેક ઓટો રીક્ષા/ મારુતિ વાન/ફોર વ્હીલર વાહનમાં સ્કુલ બેગ સલામત રાખવા માટે જરૂરી જગ્યા રાખવી જોઈએ.
- સીટ કુશન સાદી સપાટીવાળું હોવું જોઈએ વાંકા ચુંકી સપાટીવાળું હોવું જોઈએ નહિ.
- વાનમાં ઉતારું કમ્પાર્ટમેન્ટમાં બારીઓ એવી ડીઝાઈનવાળી જાળીથી કાયમી રીતે બંધ કરવી જોઈએ કે જેથી જાળીમાંથી બાળકોના શરીરનો કોઈપણ ભાગ બહાર આવી શકે નહિ.
- વાહનમાં બલ્બ હોર્ન બેસાડેલું હોવું જોઈએ અને તે ચાલુ હાલતમાં હોવું જોઈએ.
- આવું વાહન ૪૦ કિ.મી.થી વધુ ઝડપે ચલાવી શકાશે નહિ વાહન કોઈ સંજોગોમાં બગડે તો બીજા વાહનની વ્યવસ્થા કરવાની રહેશે જે દીવસે વાહન નહિ આવે તો તે દિવસનું ચુકવણું કરી શકાશે નહિ.
- વાહનમાં બાળકોના દફતર વાહનની કોઈપણ સાઈડે બહાર લટકાવી શકશે નહિ.
- ડ્રાઈવરની સીટ ઉપર કોઈપણ બાળકોને બેસાડી શકાશે નહિ.
- "શાળા પરિવહન યોજના" **માટે નક્કી કરેલ વાહનનો ચાલુ વર્ષનો કુલ વીમો હોવો જોઈએ જેની નકલ એસએમડીસીમાં રાખવાની રહેશે.**વીમો પુરો થતો હોય તો પણ ધ્યાન રાખીને નવો વીમો મેળવીને તેની નકલ શાળા કક્ષાએ મેળવી લેવી.
- **ડ્રાઈવરનું પોલીસ વેરીફીકેશન ફરજીયાત એક માસની સમયમર્યાદામાં** કરાવવાનું રહેશે.
- આરટીઓ કચેરીના શાળા પરિવહન માટેના નિયમો અને સુચનાઓનું પાલન કરવાનું રહેશે "શાળા પરિવહન યોજના"માં કોમર્શીયલ પેસેન્જર વાહનનો ફરજીયાત ઉપયોગ કરવાનો રહેશે.
- એસ.એમ.ડી.સી.એ કરેલ દરખાસ્ત સી.આર.સી.કૉ. ઓર્ડી, બ્લોક કૉ.ઓર્ડી એ.આર.& વિ.ઈ. અને બી.આર.સી.કૉ.ઓર્ડી, દ્વારા ચકાસણી કરી જીલ્લા કક્ષાએ સ્પષ્ટ અભિપ્રાય સાથે મંજુરી અર્થે મોકલી આપવાની રહેશે.
- એસ.એમ.ડી.સી. એ તમામ પ્રકારના ડોકયુમેન્ટ જેવા કે, દરખાસ્ત ફોર્મ, વાલી સંમતીપત્રક, વાહનના કાગળો, વાહન ચાલકના કાગળો તમામ નિયમોનુસાર ચાલે તે જોવાની જવાબદારી સાથેની દરખાસ્ત કરવાની રહેશે
- "શાળા પરિવહન યોજના" માટે ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવામાં નહિ આવે કે નિયમોનુસાર "શાળા પરિવહન યોજના" વ્યવસ્થિત નહિ ચલાવવમાં આવે તો સંબંધિત સામે કાર્યવાહી કરવામાં આવશે.

## ➢ ક્લસ્ટર કક્ષાએથી કરવાની કામગીરી :

- કલસ્ટર કક્ષાએ આવેલ દરખાસ્તનું સી.આર.સી.કૉ.ઓ. દ્વારા રેન્ડમલી ક્રોસ વેરીફીકેશન કરવાનું રહેશે.
- કલસ્ટર કક્ષાએથી એસ.એમ.ડી.સી. કક્ષાએથી આવેલ દરખાસ્તનો અભિપ્રાય આપીને તાલુકા કક્ષાએ મોકલવાની રહેશે.
- કલસ્ટર કક્ષાએથી "શાળા પરિવહન યોજના"નું નિયમિત મોનીટરીંગ અને માર્ગદર્શન આપવાનું રહેશે.
- કલસ્ટર કક્ષાએથી, તાલુકા કક્ષાએથી મળેલ સુચનાઓનું એસ.એમ.ડી.સી. કક્ષાએથી આપવી અને તેનું ફોલોઅપ લેવાનું રહેશે.

## ➢ તાલુકા કક્ષાએથી કરવાની કામગીરી :

- તાલુકા કક્ષાએ આવેલ દરખાસ્તનું રેન્ડમલી ક્રોસ વેરીફીકેશન કરવાનું રહેશે.
- તાલુકા કક્ષાએ એસ.એમ.ડી.સી. કક્ષાએથી આવેલ દરખાસ્તનો સ્પષ્ટ અભિપ્રાય આપીને જીલ્લા કક્ષાએ મંજુરી અર્થે મોકલવાની રહેશે.
- તાલુકા કક્ષાએથી "શાળા પરિવહન યોજના"નું નિયમિત મોનીટરીંગ અને માર્ગદર્શન આપવાનું રહેશે.
- તાલુકા કક્ષાએથી જીલ્લા કક્ષાએથી મળેલ સુચનાઓ સી.આર.સી.કૉ.ઓ. અને એસ.એમ.ડી.સી. કક્ષાએથી આપવી અને તેનું ફોલોઅપ લેવાનું રહેશે.
- તાલુકા કક્ષાએથી GPS બેઝડ VTS- VEHICLE Tracking System દ્વારા મોનીટરીંગ કરવાનું રહેશે અને ઓવર સ્પીડ વ્હીકલને સુચના આપવાની રહેશે.

ઉપરોક્ત તમામ મુદ્દાઓ અંગે શાળા કક્ષાએ/એસ.એમ.ડી.સી. કક્ષાએ ચુસ્તપણે અમલ થાય તે જોવાનું રહેશે અને જો નિયમોનુસાર "શાળા પરિવહન યોજના" ચાલતી નહિ હોય કે નિયમભંગ થયેલ જોવા મળશે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની ગંભીરતાથી લેશો અને તેની સંબંધિત તમામની સંપુર્ણપણે જવાબદારી રહેશે

**"શાળા પરિવહન યોજના"ના અમલીકરણ/દરખાસ્ત બાબતે નીચે મુજબની સુચનાઓ અને માર્ગદર્શિકા ધ્યાને લેવાની રહેશે :**

૧ વર્ષ ૨૦૨૪-૨૫ માં "શાળા પરિવહન યોજના" માટે કરેલ દરખાસ્ત મુજબના બાળકો માટે જ મંજુરી મળ્યેથી/શાળા દ્વારા શરૂ કર્યેથી નાણાંકીય વર્ષ અંતિત સુધી આ ગ્રાન્ટનો ઉપયોગ કરવાનો રહેશે. અને શરૂ કર્યાનો રીપોર્ટ મોકલી આપવાનો રહેશે.

૨. જે ગામ/શહેરી વિસ્તારથી સરકારી/અનુદાનિત માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું અસ્તિત્વ નથી તેવા વિસ્તારના (બાળકના રહેઠાણથી શાળાનું અંતર ૫ કી.મી.થી વધુ કિમી.થી વધુ છે તેવા વિસ્તારના) બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા મળે તે માટે પ્રાથમિકતા આપવાની રહેશે.

૩. "શાળા પરિવહન યોજના"નો લાભ લેતા બાળકોની બાળકદીઠ ગ્રાન્ટ એસ.એમ.ડી.સી.કક્ષાએથી મળેલ દરખાસ્તની મળેલ મંજુરી મુજબ શરૂ કર્યાના રીપોર્ટને ધ્યાને રાખીને એસ.એમ.ડી.સી.ના એકાઉન્ટમાં જમા કરાવવામાં આવશે. "શાળા પરિવહન યોજના" નો લાભ લેતા બાળકોની પ્રતિ બાળકદીઠ પ્રતિ માસ ફાળવવામાં આવેલ ગ્રાન્ટનો બાળકોની હાજરીને ધ્યાનમાં રાખીને ખર્ચ કરવાનો રહેશે.

૪. દરખાસ્તમાં દર્શાવેલ બાળકોના રહેઠાણ અને શાળાનું અંતર અને અન્ય વિગતોની તાલુકા અને કલસ્ટર કક્ષાએથી રેન્ડમલી ક્રોસચેકીંગ કરવાની/કરાવવાની રહેશે.

૫. શાળા કક્ષાએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે "શાળા પરિવહન યોજના" નો લાભ મેળવતા બાળકોની નવી અલગ ફાઈલ નિભાવવાની રહેશે.તેમજ બાળકોનું હાજરીપત્રક વાહનચાલક પાસે તેમજ એસ.એમ.ડી.સી. કક્ષાએ નિયમિત નિભાવવાનું રહેશે. વાહનના ડ્રાયવર પાસે લાભાર્થી બાળકોના નામની યાદી વાલીના ફોન નંબર સાથેની હોવી જોઈએ.

૬. વેકેશન માટે વાહન ચાલકને ચુકવણું કરવાનું રહેશે નહિ.

૭. "શાળા પરિવહન યોજના"નો લાભ લેતા બાળકોની ટ્રાન્સપોર્ટેશન સોફ્ટવેરમાં ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે. ઓનલાઈન એન્ટ્રીની પ્રિન્ટ એસ.એમ.ડી.સી.કક્ષાએ "શાળા પરિવહન યોજના" ફાઈલમાં નિભાવવાની રહેશે. ઓનલાઈન એન્ટ્રી કરવામાં આવેલ નહિ હોય તો ત્યાં સુધી બાળકોની ગ્રાન્ટ ફાળવવાની રહેશે નહિ તેની જવાબદારી આપની રહેશે જેની નોધ લેશો.

૮. વાહન પર સમગ્ર શિક્ષાના લોગોવાળું બેનર ફરજીયાત સરળતાથી વાંચી શકાય તે રીતે લગાડવાનું રહેશે.

૯. ડ્રાયવરના નામ-સરનામા અને ફોન નંબરની માહિતી શાળાના મુખ્ય શિક્ષક પાસે હોવી જોઈએ અને તેની નકલ બાળકના વાલીને પણ આપવાની રહેશે.

૧૦. બાળકોને જે તે પોકેટ એરિયા/ ઘરની બિલકુલ નજીકની જગ્યાએથી જ પીકઅપ કરવા.

૧૧. બાળકોને આપવામાં આવતી "શાળા પરિવહન યોજના" દરમ્યાન આકસ્મિક કોઈ દુર્ઘટના કે જાનહાની થાય તો આ અંગેની કોઈપણ જવાબદારી શાળા કે સમગ્ર શિક્ષા કચેરીની રહેશે નહિ. વાલી કોઈપણ પ્રકારની માંગણી કરી શકશે નહિ તેવી લાભ લેનાર તમામ બાળકોના વાલીઓની બાંહેધરી ફરજીયાત લેવાની રહેશે.

૧૨. ડ્રાયવરે કોઈપણ પ્રકારનો નશો કરી વાહન ચલાવી શકશે નહિ.

૧૩. વાહનમાં ટેપ,રેડિયો જેવા સાધનો વગાડી શકાશે નહિ.

૧૪. "શાળા પરિવહન યોજના" માટે ડ્રાઈવર પાસે એન્ડ્રોઇડ ફોન ફરજીયાત હોવો જોઈએ.

૧૫. "શાળા પરિવહન યોજના" માટેનું દરખાસ્ત ફોર્મ આચાર્યશ્રી, સી.આર.સી.કૉ.ઓ.ના ફોરવર્ડીંગ લેટર સાથે તાલુકા કક્ષાએ મોકલી આપવાનું રહેશે.

૧૬. "શાળા પરિવહન યોજના" શરૂ કરતાં પહેલા એસ.એમ.ડી.સી.ના ઠરાવ કરી તેમાં નક્કી કરેલા વાહન તેમજ માલિકની વિગતો દર્શાવવાની રહેશે. અને ઠરાવની નકલ શરૂ કર્યાના પત્ર સાથે મોકલી આપવાની રહેશે.

૧૭. વાહનનું ફીટનેશ સર્ટિફિકેટ ફરજીયાત શાળા કક્ષાએ હોવું જોઈએ અને ગેસના વાહનો માટે ગેસનું ફીટનેશ સર્ટિફિકેટ પણ હોવું જોઈએ.

૧૮. આર.સી.બુક, લાયસન્સ, ગાડીનો ફુલ વીમો, પી.યુ.સી.,ડ્રાઈવરનું આધારકાર્ડ, વાહન માલીકનું આધારકાર્ડ, પાનકાર્ડ, પોલીસ વેરીફીકેશન તેમજ **રૂપિયા ૩૦૦/- ના સ્ટેમ્પ ઉપર બાહેધરી પત્રક** શાળા કક્ષાએ રાખવું અને તેની નકલ દરખાસ્ત સાથે જોડવી અને ડ્રાઈવરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અને ગાડીનો નંબર પ્લેટ દેખાય તે રીતનો આખો ફોટો આપવો.

૧૯. શાળામાં "શાળા પરિવહન યોજના" દરખાસ્ત ફોર્મમાં ભરવાની થતી તમામ વિગતો જેવી કે, જ્ઞાતિવાઈઝ, ધોરણવાઈઝ ભરીને આપવી અધુરી કે વિસંગતતાવાળી દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહિ.

૨૦. "શાળા પરિવહન યોજના"નું **VTS- VEHICLE Tracking System** માં થયેલ એન્ટ્રી અને હાજરી મુજબનું ચુકવણું કરવાનું રહેશે.

૨૧. "શાળા પરિવહન યોજના" માટેનું દરખાસ્ત ફોર્મ સાથેની ફાઈલ શાળા કક્ષાએ તૈયાર કરવી.

૨૨. "શાળા પરિવહન યોજના"નો લાભ લેતા બાળકોની ચાઈલ્ડ પ્રોફાઈલ અને વાલી સંમતીપત્રક શાળા કક્ષાએ ફરજીયાત રાખવું.

૨૩ **RTO (આર.ટી.ઓ.) ની ગાઈડ લાઈન મુજબ નિયમોનુસાર "શાળા પરિવહન યોજના"ના વાહનમાં** વિધાર્થીઓને બેસાડવા.

૨૪. "શાળા પરિવહન યોજના" માં દરેક વાહન વધુમાં વધુ ૨ (બે) ફેરા કરી શકશે તેનાથી વધુ કરી શકશે નહી.

૨૫. વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજીયાતપણે હોવી જોઈએ.

**બિડાણ : દરખાસ્ત પત્ર, વાલી સંમતિપત્રક, ચાઈલ્ડ પ્રોફાઇલ, બાંહેધરી પત્રક**

જીલ્લા શિક્ષણાધિકારી
સમગ્ર શિક્ષા – બનાસકાંઠા

**સવિનય નકલ રવાના :**

માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર

**નકલ રવાના જાણ તથા કાર્યવાહી સારૂં :** (બી.આર.સી.કો.ઓર્ડીનેટર મારફતે)

૧) સી.આર.સી.કૉ. ઓર્ડીનેટર તમામ, તા. તમામ જી. બનાસકાંઠા

૨) બ્લોક કૉ. ઓર્ડીનેટર એ.આર.& વિ.ઈ. તમામ, તા. તમામ જી. બનાસકાંઠા

૩) એસ.એમ.ડી.સી. તમામ તા. તમામ જી. બનાસકાંઠા

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

## સમગ્ર શિક્ષા – બનાસકાંઠા

એસ.એમ.ડી.સી. દ્વારા "શાળા પરિવહન યોજના" શરૂ કરવા માટેનું દરખાસ્ત ફોર્મ (વર્ષ : ૨૦૨૪-૨૫)
સરકારી/અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને "શાળા પરિવહન યોજના"
દરખાસ્ત ફોર્મ

---

૧. શાળાનું નામ :............................................................શાળાનો ડાયસ કોડ : ....................................

૨. સરનામું : .................................................................................એરીયા(રૂરલ/અર્બન)............................

૩.કલસ્ટર :.............................. બ્લોક : ................................જિલ્લો : ............................

૪. આચાર્યનું નામ :................................................. ફોન નં :....................................

૫.એસ.એમ.ડી.સી.નું નામ :......................................................

SMDC ખાતા નં :............................................

૬. SMDC ના ખાતાની બેંકનું નામ :.............................બ્રાન્ચનું નામ.............. IFSC કોડ :.................

૭. શાળા ધ્વારા "શાળા પરિવહન યોજના" માટે નકકી કરેલ વાહનનો પ્રકાર ...............................................

૧) સરકારી બસ ૨) થ્રી વ્હીલર ૩) ફોર વ્હીલર (RTO માન્ય બંધ બોડીવાળુ વાહન) ૪) અન્ય ( તો કયા પ્રકારનું ?)

૮. (અ) વાહનનો આરટીઓ નંબર :.............. વાહનનું નામ:.......... આરસી બુકની નકલ સામેલ રાખેલ છે ? ....... (હા/ના)

વાહન માલીકનું નામ :....................................................... (આરસી બુક મુજબ)

વાહન માલીકનો ફોન નંબર :........................... સરનામું :................................................

વાહન માલીકનો ડ્રાયવીંગ લાયસન્સ નંબર :...................................................

(બ) વાહન જો ડ્રાયવર ધ્વારા ચલાવવામાં આવતું હોય તો ડ્રાયવરની વિગત

ડ્રાયવરનું નામ : ............................................ડ્રાયવીંગ લાયસન્સ નંબર :.............................

ડ્રાયવીંગ લાયસન્સની વેલીડીટીઃ................... થી.........................

ફોન નંબર : .............................. સરનામું : .........................................................

(નોંધ : એક કરતાં વધુ વાહન હોય તો વાહન માલિક અને ડ્રાયવરની ઉપર મુજબ માહિતી અલગથી દરખાસ્ત સાથે સામેલ રાખીને આપવી.)

| ક્રમ | ડ્રાઈવરનું નામ | ડ્રાઈવીંગ લાયસન્સ નંબર | વાહનનો નંબર | શાળા પરિવહન યોજના માટે નકકી કરેલ વાહન | ડ્રાઈવરનો સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

વર્કઓર્ડર આપેલ પાર્ટીની વિગતો :– ..............................................

| ક્રમ | વર્ક ઓર્ડર આપેલ માલિકનું નામ | વાહનનો પ્રકાર | વાહનના ફેરાની સંખ્યા | વાહનની કેપેસીટી મુજબ બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

૯. બાળકોની વિગતો (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ) :

| માધ્યમિક (ધોરણ ૯ થી૧૦) | | | ઉચ્ચતર માધ્યમિક (ધોરણ ૧૧ થી ૧૨) | | | કુલ (ધોરણ ૯ થી ૧૨) | | |
|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| | | | | | | | | |

| ધો. ૯ | | ધો. ૧૦ | | ધો. ૧૧ | | ધો. ૧૨ | | કુલ (ધોરણ ૯ થી ૧૨) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુ. | ક. | કુ. | ક. | કુ. | ક. | કુ. | ક. | કુ. | ક. | કુલ |
| | | | | | | | | | | |

સહી અને સીકકા
એસ.એમ.ડી.સી. અધ્યક્ષ અને આચાર્યશ્રી

## શરતો/સુચનાઓ :

- "શાળા પરિવહન યોજના" માટે ડ્રાઈવર પાસે એન્ડ્રોઈડ ફોન ફરજીયાત હોવો જોઈએ.
- "શાળા પરિવહન યોજના" માટેનું દરખાસ્ત ફોર્મ આચાર્યશ્રી તેમજ સી.આર.સી.કો.ઓ.ના ફોરવર્ડીંગ લેટર સાથે તાલુકા કક્ષાએ મોકલવું.
- "શાળા પરિવહન યોજના" શરૂ કરતા પહેલા એસ.એમ.ડીસી.નો ઠરાવ કરી તેમાં નકકી કરેલ વાહન તેમજ માલીકની વિગત દર્શાવવાની રહેશે.
- વાહનનું ફિટનેશ સર્ટીફિકેટ ફરજીયાત શાળા કક્ષાએ હોવું જોઈએ.
- આરસી બુક, લાયસન્સ, વિમાની ઝેરોક્ષ, પોલીસ વેરીફીકેશન, પી.યુ.સી. તેમજ રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર બાહેધરી પત્રક ફરજીયાત શાળા કક્ષાએ રાખવું. તેમજ દરખાસ્ત સાથે પણ તેની નકલ આપવી.
- દરખાસ્ત સાથે ડ્રાઈવરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ગાડીનો નંબર પ્લેટવાળો ફોટો આપવો.
- દરખાસ્તમાં જ્ઞાતિવાઈઝ અને ધોરણવાઈઝ વિગતો ભરીને આપવી. અધુરી વિગતોવાળી દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહિ.
- વ્હીકલ ટ્રેકીંગ સીસ્ટમમાં થયેલ ઓનલાઈન એન્ટ્રી અને બાળકોની ભરેલી હાજરીની ખરાઈ કરીને ચુકવણું કરવાનું રહેશે.
- દરેક વાહન માટે અલગ અલગ દરખાસ્ત કરવી.
- બાળકોની ચાઈલ્ડ પ્રોફાઈલ અને વાલી સંમતિ ફરજીયાત શાળા કક્ષાએ રાખવા.
- RTO ગાઈડલાઈન મુજબ નિયમોનુસાર "શાળા પરિવહન યોજના"ના વાહનમાં વિધાર્થીને બેસાડવા.
- "શાળા પરિવહન યોજના" માટે બંધ બોડીવાળુ વાહન હોવું જોઈએ.
- વાહન ૪૦ કી.મી.થી વધુ ઝડપથી ચલાવી શકાશે નહિ.( R.T.O. ની ગાઈડલાઈન મુજબ)
- "શાળા પરિવહન યોજના"માં દરેક વાહન બે ફેરા કરી શકશે.તેનાથી વધારે ફેરા કરી શકશે નહિ.
- વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજીયાત હોવી જોઈએ.
- વાહનો ઉપર માલિક ડ્રાયવરનો ટેલીફોન નંબર શાળાના નામવાળું "શાળા પરિવહન યોજના"નું બેનર લાગેલું હોવું જોઈએ.

ઉપરની શરતો વાંચીને સાથે પરિપત્રની તમામ સુચનાઓનો અભ્યાસ કરીને જરૂરીયાતવાળા બાળકોની દરખાસ્ત કરવામાં આવેલ છે અને તે બદલની સહી કરેલ છે.

સહી અને સીકકા
એસ.એમ.ડી.સી. અધ્યક્ષ અને આચાર્યશ્રી

"શાળા પરિવહન યોજના" અંતર્ગત બાળકોની વિગતો :

| ક્રમ | બાળકનું નામ | કુમાર/ કન્યા | ધોરણ | બાળકના ઘરનું સરનામું (પુરુ) | ઘર થી શાળા વચ્ચેનું અંતર | જાતિ | ચાઈલ્ડ યુનિક આઈ.ડી. નંબર | જી. આર. નંબર | વાલીનો મોબાઈલ નંબર | હેબીટેશન / વિસ્તાર/ વસાહત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

**"શાળા પરિવહન યોજના"બાળકોની ધોરણવાર અને જાતિવાર માહિતી**

| ધોરણ | એસ.સી. | | | એસ.ટી. | | | ઓ.બી.સી. | | | અન્ય | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુ | ક | કુલ | કુ | ક | કુલ | કુ | ક | કુલ | કુ | ક | કુલ | કુ | ક | કુલ |
| 9 | | | | | | | | | | | | | | | |
| 10 | | | | | | | | | | | | | | | |
| TOTAL | | | | | | | | | | | | | | | |
| 11 | | | | | | | | | | | | | | | |
| 12 | | | | | | | | | | | | | | | |
| TOTAL | | | | | | | | | | | | | | | |
| GRAND TOTAL | | | | | | | | | | | | | | | |

સહી અને સીક્કા
એસ.એમ.ડી.સી. અધ્યક્ષ અને આચાર્યશ્રી

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરોકત દરખાસ્તમાં દર્શાવેલ તમામ બાળકોને ખરેખર "શાળા પરિવહન યોજના"ની જરૂરીયાત છે. ઉપરોકત દરખાસ્તમાં દર્શાવેલ તમામ બાળકોના રહેઠાણથી સરકારી/અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનું અંતર ૫ કી.મી.થી વધારે દુર છે. તેમજ છુટા છવાયો, જંગલ વિસ્તાર, પહાડી વિસ્તાર, બેટ વિસ્તાર તેમજ શહેરી વિસ્તારના એવા પ્રદેશ છે કે જયા નવી શાળા શરૂ કરી શકાય તેમ નથી તેથી આ બાળકોને ખરેખર "શાળા પરિવહન યોજના"નો લાભ મળવાપાત્ર છે અન્ય કોઈ પરિવહન સુવિધાનો લાભ મળતો નથી. જેની અમારા ધ્વારા ખાતરી થયેલ છે જે સાચુ અને બરાબર છે જેના માટે તેમના વાલીઓની સંમતિ મળેલ છે. "શાળા પરિવહન યોજના" માટે એસએમડીસી કક્ષાએ ઠરાવ કરવામાં આવેલ છે. ડ્રાયવરનું પોલીસ વેરીફીકેશન ફરજીયાત એક માસની સમયમર્યાદામાં કરાવવામાં આવશે. વાહન માટે ફિટનેસ સર્ટીફીકેટ અને પરમીટ છે તેની ખાતરી કરીને રાખવામાં આવેલ છે. વાહનનો ફુલ વીમો છે.

ઉપરોકત નિયમોનુસાર જ આયોજન કરવામાં આવશે તેમજ જિલ્લા/ રાજય કક્ષાના પરીપત્રોની સુચનાઓની અમલવારી કરવામાં આવશે તેમજ સુચનાઓ મુજબ "શાળા પરિવહન યોજના" ચલાવવામાં આવશે તે બદલનું ખાતરી સાથે પ્રમાણપત્ર આપવામાં આવે છે જેથી મંજુરી આપવા વિનંતી.

સહી અને સીકકા
એસ.એમ.ડી.સી. અધ્યક્ષ અને આચાર્યશ્રી

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરોકત એસએમડીસી ધ્વારા રજુ કરવામાં આવેલ દરખાસ્તની ચકાસણી કરવામાં આવેલ છે. તેમજ તેનું ક્રોસવેરીફીકેશન કરેલ છે. આ બાળકોને શાળાથી ઘરનું અંતર પરિપત્રની સુચના મુજબ દુર હોવાથી "શાળા પરિવહન યોજના"ની જરૂરીયાત છે. દરખાસ્તની સાથે એસએમસીમાં થયેલ ઠરાવની નકલ, વાલી સંમતિપત્રક(શાળા કક્ષાએ), ચાઈલ્ડ પ્રોફાઈલ(શાળા કક્ષાએ),વાહનના તેમજ ડ્રાયવરના તમામ ડોકયુમેન્ટ સામેલ છે. દરખાસ્તની ચકાસણી કરીને આ બાળકોને ખરેખર "શાળા પરિવહન યોજના"ની જરૂરીયાત છે તેમજ શાળા મુલાકાત સમયે આમારા ધ્વારા પણ આ યોજનાનું મોનીટરીંગ કરવામાં આવશે તેમજ બાળકોને પુરતો લાભ મળી રહેશે તે બદલનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| સહિ – સિકકો | સહિ. | સહિ – સિકકો |
| સી.આર.સી.કો. ઓર્ડિનેટર | બ્લોક કો.ઓ.એ.આર.& વી.ઈ. | બી.આર.સી.કો.ઓર્ડિનેટર |

## સમગ્ર શિક્ષા– બનાસકાંઠા(ગુજરાત)
## "શાળા પરિવહન યોજના"નો લાભ અપાવવા માટે
## વાલીનું સંમતિ પત્રક
## વર્ષ : ૨૦૨૪–૨૫

આથી હું ........................................................................................ મારી વય ............. છે.

મારૂં / મારા .................બાળક/ બાળકો.

૧)..........................................................................

૨)..........................................................................

...................................................... ગામની સરકારી/અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ........ માં અભ્યાસ કરે છે. અમારા ગામ/ શહેર વિસ્તારથી શાળાનું અંતર ......વધુ છે. જેથી અમારા બાળકો નિયમિત અને સમયસર શાળામાં જઈ શકે તે માટે અમે અમારી જવાબદારીથી બાળકો માટે"શાળા પરિવહન યોજના"નો લાભ અપાવવા માટે ભલામણ કરીએ છીએ.

અમારા બાળકોને....................................................... ધ્વારા શાળાનાં કાર્ય દિવસોમાં શાળાએથી આવવા – જવા માટે"શાળા પરિવહન યોજના"નો લાભ લેવા માટે અમારી સહમતી આપીએ છીએ. આ "શાળા પરિવહન યોજના" દરમ્યાન બાળકને કોઈ પણ પ્રકારનું નુકશાન કે અન્ય કોઈ પ્રકારની હાની થાય તો તેની જવાબદારી અમારી અંગત રહેશે.

વાલીનું નામ :..........................................................................

વાલીની સહી : ............................................

**ઉપરોકત વિગતોને ચકાસીને આચાર્યશ્રી દવારા પ્રમાણિકરણ કરવું**

સહી અને સીકકા
એસ.એમ.ડી.સી. અધ્યક્ષ અને આચાર્યશ્રી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# સમગ્રશિક્ષા– બનાસકાંઠા(ગુજરાત)
# ચાઈલ્ડ પ્રોફાઈલ ("શાળા પરિવહન યોજના") વર્ષ :૨૦૨૪–૨૫

બાળકનું નામ :..................................................................

બાળકનો ફોટો

શાળાનું નામ:–........................................................

ડાયસ કોડ :–..........................................................

કલસ્ટર:–.................... બ્લોક :................... જિ :..........................

શાળાનું સરનામું :........................................................................

આચાર્યશ્રીનું નામ :................................................ ફોન નં..................................

વાલીનું નામ :.................................................... ફોન નં..................................

"શાળા પરિવહન યોજના" શરૂ થયાની તારીખ: .................... ધોરણ:........... ઉંમર:.......

રહેઠાણથી શાળાનું અંતર (કિ.મી.)............ વાહનનો પ્રકાર :.......................... (રીક્ષા,બસ, ફોર વ્હીલર કે અન્ય)

વાહનચાલકનું નામ :........................................................... વાહનનો નંબર : ..........................

લાયસન્સ નંબર :.................................................... ફોન નંબર : ..............................................

વાહન ચાલકનું સરનામું : .................................................................................................

ટ્રાન્સપોર્ટેશનની વિગતો

રૂટ(વિસ્તાર)નું નામ:....................................

| અ.નં | માસ | બાળકની હાજરી | કુલ દિવસો | ચુકવણાની વિગત | એસએમસીની સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| 1 | જુન | | | | | |
| 2 | જુલાઈ | | | | | |
| 3 | ઓગસ્ટ | | | | | |
| 4 | સપ્ટેમ્બર | | | | | |
| 5 | ઓકટોબર | | | | | |
| 6 | નવેમ્બર | | | | | |
| 7 | ડિસેમ્બર | | | | | |
| 8 | જાન્યુઆરી | | | | | |
| 9 | ફેબ્રુઆરી | | | | | |
| 10 | માર્ચ | | | | | |
| 11 | એપ્રિલ | | | | | |

## એસ.એમ.ડી.સી.નું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છેકે ઉપરોકત દર્શાવેલ બાળક શાળામાં હાજરીપત્રક મુજબ હાજર રહેલ છે. અને તે મુજબ જ નાણાંનું ચુકવણું એકાઉન્ટ પે થી વાહન માલિકના નામજોગ કરવામાં આવેલ છે. આ શાળામાં "શાળા પરિવહન યોજના"નો લાભ મેળવેલ છે અને નિયમિત કાર્યરત છે.

સહી અને સીકકા
એસ.એમ.ડી.સી. અધ્યક્ષ અને આચાર્યશ્રી

**સમગ્ર શિક્ષા – બનાસકાંઠા**
**એસ.એમ.ડી.સી. ધ્વારા**
**"શાળા પરિવહન યોજના" પ્રમાણપત્ર વર્ષ : ૨૦૨૪– ૨૫**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે બનાસકાંઠા જિલ્લાના ............... તાલુકાના..............કલસ્ટરની...........................એસ.એમ.ડી.સી.માં............ બાળકોને વર્ષ ૨૦૨૪–૨૫ માં "શાળા પરિવહન યોજના"નો લાભ એસ.એમ.ડી.સી.મારફતે આપી રહયા છીએ.

"શાળા પરિવહન યોજના"નો લાભ લઈ રહેલ બાળકોના પરિવહન માટે ઉપયોગમાં લેવાતા વાહન બાળકોની બેસવાની કેપીસીટીની સાનુકુળતા મુજબના નિયમોનુસારના બાળકોની સંખ્યાને ધ્યાને રાખીને વાહનની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ડ્રાયવરોનું પોલીસ વેરીફીકેશન કરાવેલ છે અને પોલીસ વેરીફીકેશનનું પ્રમાણપત્ર શાળા ફાઈલે રાખેલ છે. ટ્રાન્સપોર્ટેશન માટેના તમામ વાહનોનું ફીટનેશ સર્ટીફિકેટ, બંધ બોડીનું પેસેન્જર વાહન તરીકેની ચકાસણી કરાવેલ છે. "શાળા પરિવહન યોજના" વાહનનો ફુલ વિમો હાલની સ્થિતિએ ચાલુ છે અને ફુલ વિમા સાથેના જ વાહન ચલાવવામાં આવશે. "શાળા પરિવહન યોજના"વાહનમાં ફાયર સેફટીની પુરતી વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તેમજ "શાળા પરિવહન યોજના" માટેના વાહનો સુચવ્યા મુજબની ગતિ મર્યાદાનું પાલન પણ કરવામાં આવશે. "શાળા પરિવહન યોજના" વાહન મોબાઈલ બેઝ એપ સંચાલિત ચલાવવામાં આવશે તેની ઓનલાઈન હાજરી પણ ભરવામાં આવશે. "શાળા પરિવહન યોજના" વાહન માટે નકકી કરવામાં આવેલ પીક અપ સ્ટેન્ડથી જ બાળકોને લાવવા– લઈ જવામાં આવશે. "શાળા પરિવહન યોજના" પરીપત્રની તમામ સુચાનોનું પાલન કરીને ચલાવવામાં આવશે તે બદલનું પ્રમાણપત્ર આપવામાં આવશે જેની અંગત જવાબદારી અમારી એસએમડીસી ની રહેશે.

સહી અને સીકકા
એસ.એમ.ડી.સી. અધ્યક્ષ અને આચાર્યશ્રી

# બાંહેધરીપત્રક / સોગંદનામું
## વર્ષ :૨૦૨૪–૨૫

હું/અમો નીચે સહી કરનાર વાહન માલિક/ડ્રાઈવર..................................................... રહે ................................... બાહેધરી લખી આપીએ છીએ કે મારું/ અમારું વાહન .................................................. રજીસ્ટ્રેશન નંબર........................... જે SMDC .....................................................તા..............................દ્વારા ચાલુ કરવામાં આવનાર "શાળા પરિવહન યોજના" અંતર્ગત આપવામાં આવેલ મંજુરી મુજબ શાળાના કુલ.......... બાળકોને લાવવા લઈ જવા માટે બંધાયેલ છું.

હું બાહેધરી લખી આપું છું કે સદર વાહનમાં ઘરથી શાળા સુધી આવતા બાળકોને હું મારા વાહનમાં નિયમિત સમયસર શાળામાં લાવીશ - લઈ જઈશ. તેમજ બાળકની સુરક્ષાની જવાબદારી મારી/અમારી રહેશે હું મારા વાહનમાં બાળકોને સુરક્ષીત રીતે બેસાડી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોને વળગી રહી મારું વાહન ચલાવીશ. જે દિવસે કોઈ કારણોસર બહારગામ જવાનું થશે તો તે દિવસે અન્ય વાહનની સુવિધા કરી આપીશ. સાથે મારા/અમારા વાહનમાં અમો સ્વ ખર્ચે ફરજીયાત સ્માર્ટફોન નેટ ચાલુ રાખીશું.અને GPS બેઝડ વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમ(VTS) ઓન લાઈન સિસ્ટમ અપલોડ કરી તેનો નિયમિત ઉપયોગ કરવાની ખાતરી આપી આ બાહેધરી પત્ર લખી આપીએ છીએ/ આપું છું. તેમજ હું આ સુવિધા માટેની તમામ જે પણ કોઈ સુચનાઓ અને નિયમો છે તેનું હું પાલન કરીશ હું મારું વાહન નિયમ મુજબની સ્પીડમાં ચલાવીશ કોઈ દિવસ ઓવર સ્પીડ ચલાવીશ નહિ. હું કોઈપણ પ્રકારનું વ્યસન કરતો નથી. મેં કોઈપણ પ્રકારનું ગુનાહિત કૃત્ય કરેલ નથી અને કોઈપણ પ્રકારની ફોજદારી કાર્યવાહી મારા ઉપર ચાલુ નથી. મારા વાહનમાં ફર્સ્ટ એઇડ બોક્ષ અને અગ્નિશામક યંત્રની સુવિધા ઉપલબ્ધ છે. તેમજ મારા વાહનનું ફીટનેશ સર્ટિફિકેટ છે. મારા વાહનનો કુલ વીમો ચાલુ છે. અને કુલ વીમા સાથે જ વાહન ચલાવીશ. વાહનમાં બાળકોની બેસવાની ક્ષમતાને ધ્યાનમાં રાખીને જ બાળકોને બેસાડીશ.

આ સોગંદનામામાં જણાવેલ તમામ હકીકત સત્ય અને ખરી છે. અને હું મારા ધર્મના નામે સોગંધ ઉપર જાહેર કરું છું કે ખોટું સોગંધનામું કરવું તે ફોજદારી ગુનો બને છે તેની મને જાણ છે. જે મારા સંપુર્ણ સારી અને સભાન અવસ્થામાં આ સોગંધનામું લખી આપું છું.

સ્થળ : .................................

તારીખ :................................

સહી : ..............................................................

નામ : ..............................................................

રૂબરૂ( સાક્ષી) : ૧..............................................................

૨..............................................................

# ૫૦ કરતા વધુ બાળકો માટે"શાળા પરિવહન યોજના"નું

# પ્રમાણપત્ર

આથી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ........................................... શાળા દવારા ........... બાળકો માટે રજુ કરવામાં આવેલ"શાળા પરિવહન યોજના" દરખાસ્ત મુજબ અમારા દવારા રૂબરૂ સ્થળ ચકાસણી કરવામાં આવેલ છે. તેમજ તેનું ક્રોસ વેરીફીકેશન કરેલ છે. આ બાળકોનું શાળાથી ઘરનું અંતર પરિપત્રની સુચના મુજબ દૂર હોવાથી "શાળા પરિવહન યોજના"ની જરૂરીયાત છે. "શાળા પરિવહન યોજના"ની દરખાસ્ત સાથે જરૂરી તમામ ડોકયુમેન્ટ સામેલ છે. શાળાની દરખાસ્તની ચકાસણી કરતા આ બાળકોને ખરેખર "શાળા પરિવહન યોજના"ની જરૂરિયાત છે. તેમજ શાળા મુલાકાત સમયે અમારા દવારા પણ આ સુવિધાનું મોનીટરીંગ કરવામાં આવશે. તે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| સી.આર.સી કો.ઓર્ડિનેટરની<br>સહિ અને સિકકો | બ્લોક કો.ઓ. એ.આર. એન્ડ વી.ઈ.ની<br>સહિ | બી.આર.સી કો.ઓર્ડિનેટરની<br>સહિ અને સિકકો |

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે સૌ આગળ વધે

## "શાળા પરિવહન યોજના" **માટે વાહનની માહિતી**

ડ્રાઈવરનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝ નો ફોટો લગાવવો

૧. ડ્રાઈવરનું નામ : ..............................................................

૨. ડ્રાઈવરનો લાઈસન્સ નંબર : ..................................................

૩. વાહનનો નંબર : ..............................................................

બંધ બોડી તથા આરટીઓ માન્ય વાહનનો ફોટો એસએસેના લોગા સાથેનો અને વાહન નંબર દેખાય તે રીતે

નોંધ :– દરેક વાહન માટે અલગ ફોર્મ ભરવું.

# <u>જાહેર નિવીદા</u>

વિષય :– જાહેર નિવીદા બાબત.

સંદર્ભ :– ..............................................................

આથી તમામ વાહન ચાલકોને જણાવવામાં આવે છે કે એસ.એમ.ડી.સી ............................ શાળામાં અભ્યાસ કરતાં તેમજ ................................................ જેવાં દૂરના વિસ્તારમાંથી આવતાં કુલ ................ બાળકોને .................... શાળામાં શાળાના સમયે લાવવા – લઈ જવા "શાળા પરિવહન યોજના" માટે બંધ બોર્ડીના વાહનની જરૂર છે. રસ ધરાવનાર વાહનના માલીકોએ નીચેની શરતોને આધિન દીન – ૭ માં પોતાના ભાવ પત્રકો અમારી શાળામાં મોકલવાનું રાખશો.

## <u>શરતો :–</u>

(૧) "શાળા પરિવહન યોજના" માટેનું વાહન આર.ટી.ઓ. માન્ય બંધ બોર્ડીનું હોવું જોઈએ.

(૨) વાહન ચાલકની તમામે વિગતો (નામ, સરનામુ, મો.નં.,વાહનના આર.સી.બુકની નકલ, ડ્રાયવીંગ લાયસન્સ)

(૩) બાળકોને સમયસર શાળામાં લાવવા – લેવા તેમજ તેમની સુરક્ષાની જવાબદારી વાહનચાલકની રહેશે.

(૪) જે વાહનચાલક / માલીકના ભાવ પત્રકો દીન – ૭ માં રજુ થશે તેજ માન્ય ગણાશે. ત્યાર પછી આવેલ ભાવ પત્રકને ધ્યાને લેવાશે નહીં.

(૫) આવેલ ભાવપત્રકોમાં સૌથી ઓછા ભાવ હશે. તેમને જ એસ.એમ.ડી.સી. દ્વારા વર્કઓર્ડર આપવામાં આવશે.

ભાવપત્રક મોકલવાનું સરનામું :–

સહી અને સીકકા
એસ.એમ.ડી.સી. અધ્યક્ષ અને આચાર્યશ્રી

# ભાવ પત્રક

........................................ શાળામાં ધોરણ ૯ થી ૧૨ ના બાળકો ૫ કી.મી.કે તેનાથી દૂરથી આવતાં બાળકો માટે"શાળા પરિવહન યોજના" અંતર્ગત ...................................... શાળા ખાતે જાહેર નિવીદા બહાર પાડેલ તે અન્વયે "શાળા પરિવહન યોજના" બાબતે ભાડાના માંગણા પત્રક મંગાવવામાં આવેલ. જે અનુસંધાને અમો શ્રી ............................................................... અમારૂ બંધ બોર્ડીનું વાહન નંબર :– ......................... છે. અને અમો નીચેના સ્થળથી શાળા સુધી બાળકોને લાવવા તેમજ મૂકવા માટે બાળક દીઠ માસિક રૂા. ....................... પ્રમાણે રહેશે.

સ્થળ :–

૧.

૨.

૩.

અમો ઉપર દર્શાવેલ ભાડા તેમજ શાળાથી બતાવેલ સ્થળથી બાળકોને લાવવા– લઈ જવા શરતોને આધિન શાળા કમિટી ધ્વારા આપેલ સૂચના મુજબ બંધાયેલ છીએ.

# તુલનાત્મક પત્રક

આજરોજ ............................... શાળામાં એસ.એમ.ડી.સી.ની મીટીંગમાં "શાળા પરિવહન યોજના" માટે અલગ – અલગ ભાવ પત્રક મંગાવવામાં આવ્યા હતાં. જેમાં રજુ થયેલ ભાવ નીચે મુજબ છે.

| ક્રમ | નામ | ભાવ પત્રકની રકમ (બાળક દીઠ માસિક) | ગાડી નંબર |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

ઉપરોકત તુલનાત્મક પત્રકોમાં ક્રમ નંબર :– .......... શ્રી ........................................... ના ભાવ પત્રક સૌથી નીચે હોય માન્ય રાખવામાં આવે છે. બાળકને શાળામાં લાવવા તેમજ મૂકવા જવા એસ.એમ.ડી.સી. કમિટી ધ્વારા મંજૂરી આપવામાં આવે છે.

સહી અને સીકકા
એસ.એમ.ડી.સી. અધ્યક્ષ અને આચાર્યશ્રી

# વર્કઓર્ડર

આજરોજ તા. ..................................... શાળામાં એસ.એમ.ડી.સી.ની મીટીંગમાં બાળકોને "શાળા પરિવહન યોજના"નો લાભ આપવા માટે ધોરણ ૯ થી ૧૨ ના બાળકો ૫ કી.મી.કે તેનાથી વધુ ......................... ............................ જેવા વિસ્તારોમાંથી બાળકોને શાળામાં સમયસર લાવવા અને મૂકવા તમામ જવાબદારી એસ.એમ.ડી.સી.ની મીટીંગમાં શ્રી ............................................ વર્કઓર્ડર આપવામાં આવે છે.

વર્ક ઓર્ડર લેનારનું નામઃ—

સરનામુંઃ—

સહીઃ—

"શાળા પરિવહન યોજના"ની સુવિધા આપવા માટે દરેક વાહન ધારકે નીચે જણાવેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

<u>કરારની શરતોઃ</u>

(૧) "શાળા પરિવહન યોજના"ના ડ્રાઈવરે પોતાના તથા વાહનના દસ્તાવેજોની પ્રમાણિક નકલો શાળા (એસ.એમ.ડી.સી.) માં ફરજિયાત રજૂ કરવાના રહેશે. જે નીચે જણાવ્યા મુજબ છે.

– વાહનની નોંધણી (આર.સી.બુક)

– વાહનના વીમાના દસ્તાવેજો.

– વાહનમાં કેટલા વ્યકિતઓ બેસાડી શકાય તેની માન્યતાના જરૂરી દસ્તાવેજો.

– ડ્રાઈવરનું વર્તમાન ડ્રાઈવીંગ લાઈસન્સ

–ડ્રાઈવરના ઓળખ તથા રહેઠાણના પુરાવા

– ડ્રાઈવરના તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટા નંગ– ૨

– ડ્રાઈવરે પોતાના વાહન સાથે ઉભા રહેલ આખો ફોટો નંગ–૨ (વાહન નંબર દશયમાન હોય)

(૨) વાહન ઉપર વાહન માલિકનું નામ,સરનામું અને મો.નંબર ફરજીયાત લખવા.

(૩) "શાળા પરિવહન યોજના" વાહનની આગળ–પાછળ સ્કુલવાન કે શાળા વર્ધી એમ સ્પષ્ટ દેખાય તે પ્રમાણે લખાણ હોવુ જોઈએ(પીળા બેક ગ્રાઉન્ડ ઉપર લાલ રંગમાં) વાહન પર એસએસએનો લોગોવાળુ લખાણ ફરજિયાત કરવું.

(૪) વાહનમાં પ્રાથમિક સારવારની પેટી તથા પેટીમાં જરૂરી સામગ્રી ફરજીયાત રાખવી.

(૫) બાળકોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે રીતે વાહનમાં બેસાડવા.

(૬) વાહનમાં ડ્રાઈવરે અભદ્ર શબ્દો કે અશોભનીય વર્તન કરવું નહીં.

(૭) વાહન ડ્રાઈવર પાસે રૂટ મુજબના બાળકોની યાદી ફરજીયાત રાખવી.

(૮) બાળકોને તેમના ઘરની નજીકની જગ્યાએથી પીક–અપ કરવા તથા ત્યાં જ પરત ઉતારવા.

(૯) વાહન ૪૦ કિ.મી. પ્રતિ કલાક કરતાં વધુ ઝડપે ચલાવી શકાશે નહી

(૧૦) ડ્રાઈવરની સીટ ઉપર કોઈપણ બાળકને બેસાડી શકાશે નહીં.

(૧૧) ડ્રાઈવરે કોઈપણ પ્રકારનો નશો કરીને વાહન ચલાવવું નહીં.

સહી અને સીકકા
એસ.એમ.ડી.સી. અધ્યક્ષ અને આચાર્યશ્રી

# એસ.એમ.ડી.સી.દ્વારા
# "શાળા પરિવહન યોજના"નું ચેક લીસ્ટ
# વર્ષ : ૨૦૨૪–૨૫

એસ.એમ.ડી.સી.નું નામ :............................................ શાળાનો ડાયસ કોડ :..........................

કલસ્ટર :........................ તા......................... જિ. બનાસકાંઠા

આચાર્યશ્રીનું નામ : ................................................. ફોન નંબર :.................................

એસ.એમ.ડી.સી. અધ્યક્ષશ્રીનું નામ : .................................................... ફોન નંબર :................................

સી.આર.સી. કો.ઓ.નું નામ : ........................................... ફોન નંબર :.................................

બી.આર.સી. કો.ઓ.નું નામ : ........................................... ફોન નંબર :.................................

બાળકોની સંખ્યા – કુમાર :............ કન્યા :............... કુલ : ................ (ટ્રાન્સપોર્ટેશન લાભાર્થી)

વાહનોની સંખ્યા : .......... (નીચે વાહનની સંખ્યા લખવી.)

થ્રી વ્હીલર.......... ફોર વ્હીલર ............... અન્ય :......... (તો વાહનનો પ્રકાર).....................

એસ.એમ.ડી.સી. ધ્વારા "શાળા પરિવહન યોજના"નો ઠરાવ કરવામાં આવેલ છે કે કેમ ?................. (હા/ના)

"શાળા પરિવહન યોજના"ના વાહનની ક્ષમતા (કેપીસીટી) બાળકોની સરળતા મુજબની છે કે કેમ ?..................... (હા/ના)

ચાલુ વર્ષનો વાહનનો ફુલ વિમો છે કે કેમ ? .................................. (હા/ના)

વાહનની આર.સી. બુકની નકલ છે કે કેમ ? ....................................... (હા/ના)

વાહન માલિકનું આઈ.ડી. પ્રુફ છે કે કેમ ? .............. (હા/ના) આઈ.ડી. પ્રુફ શું છે ?.................................

વાહનના ડ્રાયવરનું લાયસન્સ છે કે કેમ ?...................................... (હા/ના)

વાહન ડ્રાયવરનું આઈ.ડી. પ્રુફ છે કે કેમ ? ................. (હા/ના) આઈ.ડી. પ્રુફ શું છે ?.................................

વાહન અને ડ્રાયવરનું પોલીસ વેરીફીકેશન કરાવેલ છે કે કેમ ? ............... (હા/ના)

રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર પર એકરારનામું / સોગંદનામું કરાવેલ છે કે કેમ ?................................ (હા/ના)

વાહન ફીટનેસ સર્ટીફીકેટ/ પરમીટ છે કે કેમ ? ............................................ (હા/ના)

વાહન બંધ બોડીનું પેસેન્જર વાહન છે કે કેમ ? ............................................. (હા/ના)

વાહનમાં પ્રાથમિક સારવારની પેટી છે કે કેમ ? ......................................... (હા/ના)

વાહનમાં અગ્નિશામક સાધન છે કે કેમ ? ............................................ (હા/ના)

વાહનમાં બલ્બ હોર્ન લગાવેલ છે કે કેમ ?.......... (હા/ના) બલ્બ હોર્ન ચાલુ હાલતમાં છે કે કેમ ?............... (હા/ના)

પ્રાથમિક/ ઉચ્ચતર પ્રાથમિક શાળા માટેના પરિપત્રની સુચના મુજબ કિ.મી. (અંતર) થાય છે કે કેમ ?...........(હા/ના)

"શાળા પરિવહન યોજના" સબંધિત દરખાસ્ત સાથેના બિડાણમાં તમામ ડોકયુમેન્ટ (જેવા કે, એસએમસી સબંધિત અને વાહન

સબંધિત) સામેલ છે કે કેમ ? અને તેની ચકાસણી કરેલ છે કે કેમ ? ......................(હા/ના)

દરખાસ્તમાં એક કરતાં વધુ વાહન હોય તો તે તમામ વાહન, વાહન માલિક અને ડ્રાયવર સબંધિત તમામ માહિતી અલગથી પત્રકમાં સામેલ છે ? .............................(હા/ના)

દરખાસ્તમાં ચાઈલ્ડ યુનિક આઈ.ડી. નંબર તમામ બાળકોના છે ? ......................(હા/ના)

GPS (જી.પી.એસ.) વાહનમાં લગાડેલ છે કે કેમ ?........................... (હા/ના)

જો ના તો GPS (જી.પી.એસ.) ટ્રેકીંગની શું વ્યવસ્થા કરવામાં આવેલ છે ?..................................

જો GPS (જી.પી.એસ.) ટ્રેકીંગની વ્યવસ્થા મોબાઈલ ધ્વારા કરવામાં આવે તો તેના માટે ડ્રાયવર પાસે સ્માર્ટ/ એન્ડ્રોઈડફોન છે કે કેમ ................. (હા/ના)

આથી "શાળા પરિવહન યોજના"ના પરિપત્રની સુચનાઓનો અભ્યાસ કરીને સમજીને બાળકોને ઘરથી શાળા સુધી આવવા – જવા માટે ટ"શાળા પરિવહન યોજના"ની વ્યવસ્થા અર્થે દરખાસ્ત કરવામાં આવેલ છે. દરખાસ્તની અને ચેકલીસ્ટની તમામ માહિતીની ચકાસણી કરવામાં આવેલ છે અને સાચી છે. આ માહિતી માટેની મારી અંગત જવાબદારી રહેશે અને માહિતી ખોટી હશે કે"શાળા પરિવહન યોજના" નિયમોનુસાર ચલાવવામાં નહિ આવે તો જે પણ કાર્યવાહી કરવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે તેવું હું સમજી વિચારીને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સહી અને સીકકા
એસ.એમ.ડી.સી. અધ્યક્ષ અને આચાર્યશ્રી

સહિ – સિકકો
સી.આર.સી.કો. ઓર્ડિનેટર

સહિ.
બ્લોક કો.ઓ.એ.આર.& વી.ઈ.

સહિ – સિકકો
બી.આર.સી.કો.ઓર્ડિનેટર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# સમગ્ર શિક્ષા – બનાસકાંઠા
## વર્ષ ૨૦૨૪–૨૫
## બાળકો માટે"શાળા પરિવહન યોજના"ની દરખાસ્તનું ચેકલીસ્ટ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

**શાળાનું નામઃ.......................................... દરખાસ્તમાં દર્શાવેલ બાળકોની કુલ સંખ્યા............**

**કલસ્ટરઃ ................................... તાલુકોઃ.....................**

| | |
|---|---|
| ▪ ડ્રાયવરના ડોક્યુમેન્ટ બાબતે....... | હા / ના |
| ▪ આર.સી. બુક | હા / ના |
| ▪ ડ્રાઈવીંગ લાયસન્સ | હા / ના |
| ▪ સોંગદનામું (૩૦૦/– રૂા.ના સ્ટેમ્પ પર) | હા / ના |
| ▪ વાહનનો ફુલ વીમો | હા / ના |
| ▪ વાહનનું ફીટનેસ સર્ટીફીકેટ, | હા / ના |
| ▪ ત્રણ ભાવપત્રક | હા / ના |
| ▪ ભાવપત્રક પરથી સમરી | હા / ના |
| ▪ વર્ક ઓર્ડર | હા / ના |
| ▪ વાહનની કેપેસીટી મુજબ બાળકોની સંખ્યા દર્શાવેલ છે? | હા / ના |
| ▪ આર.ટી.ઓ. માન્ય બંધ બોડીનું વાહન છે કે નહિં ? | હા / ના |
| ▪ બાળકોના નામવાળી યાદી.(પત્રક મુજબ) | હા / ના |
| ▪ ધોરણવાર કુમાર,કન્યાની કુલ સમરી | હા / ના |
| ▪ નિયત ફોર્મેટમાં દરખાસ્ત કરેલ છે? | હા / ના |
| ▪ નિયમોનુંસાર શાળા થી ઘરનું અંતર દર્શાવેલ છે? | હા / ના |
| ▪ હેબિટેશનની વિગતો દર્શાવેલ છે? | હા / ના |
| ▪ વાહનચાલક પાસે મોબાઈલ એપ બેઝડ જીપીએસ હોય તેવા વાહન પસંદ કરેલ છે? | હા / ના |
| ▪ વાહનમાં પ્રાથમિક સારવાર પેટી છે? | હા / ના |
| ▪ વાહનમાં અગ્નિશામક યંત્ર છે? | હા / ના |
| ▪ ડ્રાયવરનું પોલીસ વેરીફિકેશન કરેલ છે? | હા / ના |
| ▪ વાહનમાં અને ડ્રાયવરનો ફોટોગ્રાફ છે? | હા / ના |
| ▪ આચાર્યશ્રી દવારા દરખાસ્ત પ્રમાણિકરણ કરેલ છે ? | હા / ના |

એસ.એમ.ડી.સી. અધ્યક્ષ અને આચાર્યશ્રી
સહી/સિકકો

સી.આર.સી.કો.ઓર્ડિનેટર,
સહી/સિકકો

બ્લોક કો.ઓ. એ.આર. એન્ડ વી.ઈ.
સહી

બી.આર.સી.કો.ઓ.
સહી/સિકકો